વિધા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# PANCHSHIL

અંક : 135 | વર્ષ : 13 | ફેબ્રુઆરી : 2025 | પેઈઝ : 46

સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા


## Happy Republic Day

26th January





શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011

web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in

# રાજાનો નિર્ણય





ઘણા સમય પહેલાની આ વાત છે. એક સમૃદ્ધ રાજય હતું. રાજયમાં એક વૃદ્ધ રાજા રાજ કરતા હતા. તેમના શાસન હેઠળ સર્વત્ર આનંદમંગળ હતો. રાજાની હવે ઉંમર થઈ હોવાથી તેઓ રાજયનો કોઈપણ કારભાર સંભાળવા તેમના પુત્રને રાજા નિમવા માગતા હતા. પરંતુ ઉત્તરાધિકારી તરીકે પોતાના પુત્રને ઘોષિત કર્યા પહેલાં તેની યોગ્યતાની ચકાસણી કરવાનો તેમણે નિર્ણય કર્યો. વૃદ્ધ રાજા પાસે અમુક જાદુઈ વરદાન પણ હતા.

રાજાએ રાજકુમારની યોગ્યતા સુનિશ્ચિત કરવા તેમને બોલાવીને કહ્યું. 'રાજકુમાર આમ તો મને તમારા ઉપર પુરો ભરોસો છે કે તમે આ રાજયને મારા કરતાં પણ વધારે ઊંચાઈ પર લઈ જશો. પરંતુ તમને રાજા બનાવતા પહેલાં મારી ઈચ્છા છે કે તમે એકલા આખા રાજયનું ભ્રમણ કરો.' પિતાની ઈચ્છા પૂર્ણ કરવા રાજકુમાર તીર–કમાન લઈને રાજય ભ્રમણ કરવા નીકળી પડયા.

નાનાં ગામો અને નગરો વટાવતાં રાજયના સીમાડે આવેલા જંગલમાં તેઓ પહોંચ્યા. ત્યાં વહેતી એક નદીમાંથી પાણી પીતાં તેમની નજર એક સિંહ પર ગઈ.

સિંહને જોતાં જ રાજકુમારને તેનો શિકાર કરવાની ઈચ્છા થઈ. શિકાર કરવા માટે જેવું રાજકુમારે તીર નિશાના પર લગાવ્યું કે એકાએક સિંહ માણસની જેમ બોલવા લાગ્યો. 'રાજકુમાર મને ન મારશો. મને તમારી સાથે લઈ જાઓ. હું તમને યોગ્ય સમયે મદદ કરવાનું વચન આપું છું.'

રાજકુમાર તો સિંહને આમ બોલતો સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે તીર કમાન નીચા કર્યા અને સિંહને આગળની યાત્રામાં પોતાની સાથે રાખ્યો.


બિલકુલ આવું જ હાથી, ઘોડા અને હરણમાં પણ થયું. રાજકુમાર હાથમાં તીર પકડે કે તરત એ પ્રાણી માણસની જેમ બોલવા માંડે અને પછી રાજકુમાર તેમને પોતાની સાથે આગળના પ્રવાસમાં જોડે.

વખત જતાં રાજકુમાર મહેલમાં પાછા ફર્યા. તેમણે રાજાને બધી જ વાત કરી કે કેવી રીતે રાજય ભ્રમણમાં પોતે એકલા ગયા હતા અને પાછા ફરતી વખતે ચાર પ્રાણીઓને સાથે લઈને આવ્યા.

રાજકુમારની વાત સાંભળીને રાજાની ખુશીનો પાર ન રહ્યો. તેમણે તરત જ મંત્રીને બોલાવીને રાજકુમારના રાજયાભિષેકની તૈયારીઓ કરવાનું કહ્યું. કેમ કે રાજયનો આધાર રાજયમાં રહેતાં સૌ પ્રત્યે પ્રેમ અને કરૂણા હોવો જોઈએ.

રાજકુમારે અબોલ પ્રાણીઓનો શિકાર કરીને બહાદુરી બતાવવાની જગ્યાએ વખત આવ્યે તેમની પડખે રહેનાર વિશ્વાસુઓની ટોળકી બનાવી. આ જ એક ઉત્તમ રાજાના લક્ષણ છે.

# શકિતનો સરળ સંગ્રહ : સ્પ્રિંગ અને રબર





ધાતુની સ્પ્રિંગ અને રબર સ્થિતિ સ્થાપક છે. આપણે તેને ફ્લેકસીબલ કહીએ છીએ. દબાવો તો દબાય અને ખેંચો તો ખેંચાય દબાણ છોડી દેતાં મૂળ સ્થિતિમાં આવી જાય. રબર અને સ્પ્રિંગ આવી જ ચીજો છે જો કે બંનેના ગુણધર્મમાં ઘણો તફાવત છે. સ્થિતિ સ્થાપકતાનું વિજ્ઞાન અનોખું છે. સ્પ્રિંગ અને રબરના જુદા જુદા આકાર આપીને તેના આ ગુણનો ઉપયોગ ઘણા સાધનોમાં થાય છે. યાંત્રિક ઘડિયાળ તેનો રોજિંદો દાખલો છે. ચાવી વાળા રમકડામાં પણ તેનો ઉપયોગ થાય છે. ચાવી આપો ત્યારે સ્ટીલની પટ્ટી એક ઘરી પર વીંટળાય છે. અને ત્યારબાદ તે ધીમે ધીમે મૂળસ્થિતિમાં આવતી જાય છે. અને સાથે સાથે ધરીને ચક્રાકાર ગતિ આપે છે. તમે ચાવી આપો છો ત્યારે રીંગ કે સ્પ્રિંગમાં શકિતનો સંગ્રહ થાય છે. સ્થિતિ સ્થાપક ચીજોમાં થતા દબાણનું માપ અને તે છૂટે ત્યારે પેદા થતી ઊર્જાનું પ્રમાણ સમાન હોય છે. તીર અને કમાન પણ સ્થિતિ સ્થાપકતાના ઉપયોગથી બનેલું શસ્ત્ર છે. કમાનની દોર ખેંચાય ત્યારે તે વંકાય છે. તેને છોડી દેતાં જ કમાન એકદમ સીધી થઈ દોરી પર પ્રચંડ ધકકો લાગે છે. આ ધકકાથી તીર તીવ્ર ગતિથી લક્ષ્ય તરફ જાય છે.

સ્થિતિ સ્થાપક પદાર્થોના અણુ સામાન્ય સ્થિતિમાં ચોકકસ અંતરે ગોઠવાયેલા હોય છે. દબાણ આવવાથી અણુઓ એકબીજાની નજીક આવે છે. દબાણ છોડી દેતાં સ્થિતિ સામાન્ય બને છે અને તે મૂળ સ્થિતિમાં આવી જાય છે.

## અવાજનું રેકોર્ડિંગ કરતા માઈક્રોફોનમાં શું હોય છે ?



માઈક્રોફોન ટચુકડું સાધન છે તે બહારના અવાજને ઝીલીને બીજા સાધનમાં મોકલી શકે છે અને રેકોર્ડિંગ પણ કરી શકે છે. માઈક્રોફોનની રચના સાદી છે. અવાજના મોજાં હવામાં ફેલાય છે અને તેના સંપર્કમાં આવતી ચીજોમાં ધ્રુજારી પેદા કરે છે આ સિદ્ધાંતનો ઉપયોગ તેમાં થાય છે. માઈક્રોફોનમાં કાર્બન, પ્લાસ્ટિક કે સિરામિકનો પાતળો પડદો હોય છે. આ પડદા પર અવાજ અથડાય ત્યારે ધ્રુજારી પેદા થાય છે. ધ્રુજારી અવાજના લય અને પ્રમાણમાં હોય છે. આ પર્દા સાથે તાંબાના વાયરની વોઈસ કોઈલ જોડાયેલી હોય છે. પડદો ધ્રુજે ત્યારે કોઈલ ચક્રાકાર ફરે છે. તેની આસપાસ મેગ્નેટ હોય છે. મેગ્નેટ વચ્ચે વાયરથી કોઈલ ફરે ત્યારે વીજ પ્રવાહ પેદા થાય છે. આ વીજપ્રવાહ અવાજના પ્રમાણમાં વધઘટ થતી હોય છે. એટલે વીજપ્રવાહના પલ્સ રચાય છે. આ વીજપ્રવાહને ઓડિયો સિગ્નલ કહે છે તે વાયર દ્વારા દૂરના સાધન કે સ્પીકર સુધી મોકલી શકાય છે.

## નાનકડા વૃક્ષોની અજાયબ દુનિયા : બોન્સાઈ



તમે તોતીંગ વડલા, લીમડા અને પીપળા જેવા મહાકાય વૃક્ષો તો જોયા હશે. પરંતુ આ બધાં વૃક્ષોની નાની પ્રતિકૃતિ જેવા વૃક્ષો કુંડામાં ઊગેલા જોવા મળે તો કેવી મજા પડે ! જાપાનના લોકો વર્ષોથી પોતાના ઘરમાં મોટા વૃક્ષોની નાની પ્રતિકૃતિ ઉછેરવાની કળા જાણે છે. આ કળાનું નામ બોન્સાઈ છે. બોન્સાઈ વૃક્ષો તૈયાર કરવા માટે પ્રથમ જમીનમાં તેનું બીજ વાવવું પડે. બીજનાં અંકુર ફૂટે અને છોડ તૈયાર થાય ત્યારે તેને ખોદીને મૂળ સહિત બહાર કાઢીને એક કુંડામાં ફરીથી રોપવામાં આવે છે. પરંતુ એ વખતે તેના મૂળ કાપીને ટૂંકા કરી નાખવામાં આવે છે. મૂળ કાપવા એજ કળા છે. વળી છોડને કૂંડામાં વાવીને તેને પાતળા તાર વડે બાંધી દેવામાં આવે છે. આમ ખૂબ ટૂંકા કરવાથી તેનો વિકાસ ધીમો પડે અને તાર બાંધવાથી તે નીચું રહે છે. પછી યોગ્ય ખાતર અને માવજતથી કુંડામાં જ નાનકડું વૃક્ષ તૈયાર થાય છે. જાપાનના ઘરની શોભા માટે બોન્સાઈ વૃક્ષો લોકપ્રિય છે.

## નીઓન લેમ્પ રંગીન પ્રકાશ કેવી રીતે આપે છે ?






Georges Claude

બજારની રોશનીનું આવરણ એટલે નીઓન લેમ્પ. વાંકી–ચૂંકી પાતળી રંગીન ટયુબ લાઈટથી બનેલાં અક્ષરોવાળા બોર્ડ તમે જોયા હશે. જાહેરાતો અને ડેકોરેશનમાં ઉપયોગી નીઓન લેમ્પ એક પ્રકારની ટયુબલાઈટ છે. ટયુબલાઈટમાં મરકયુરી ગેસથી સફેદ પ્રકાશ ઉત્પન્ન થાય છે પરંતુ રંગીન ટયુબલાઈટમાં નીઓન અને આર્ગન વાયુઓનું મિશ્રણ હોય છે. સાદા વીજળીના લેમ્પ કરતાં નીઓન ફલુરોસેન્ટ અને લાઈટ એમિટિંગ ડીઓહલમાં વીજળીનું ગરમીમાં ઓછું રૂપાંતર થાય છે. તેથી વધુ પ્રકાશ આપે છે. નીઓન લેમ્પની શોધ ૧૮૯૮માં જયોર્જીસ કલાડિ નામના વિજ્ઞાનીએ કરેલી. ૧૯૩૦માં તે લોકપ્રિય થઈ ગયેલા. નીઓન વાયુ ભરેલી ટયુબ લાલ પ્રકાશ આપે છે. તે જ રીતે નીઓન સાથે ક્રિસ્ટીન, આર્ગન અને ઝેનોન વાયુઓ ભેળવવાથી જુદા જુદા રંગોનો પ્રકાશ મેળવી શકાય છે.

## ભારતમાં જોવા જેવું ચિત્તોડગઢનો વિજય સ્તંભ

રાજસ્થાનમાં ચિત્તોડનો કિલ્લો જોવા લાયક સ્થાપત્ય છે. પરંતુ તેમાં આવેલો વિજયસ્તંભ વિશિષ્ટ આકર્ષણ ધરાવે છે. મેવાડના રાજા કુંભાએ મહમદ ખીલજીની સેના સામે વિજય મેળવ્યો તેની યાદમાં ઈ.સ. ૧૪૪૨ માં વિજયસ્તંભ બનાવેલો. તેને બાંધતા ૧૦ વર્ષ લાગ્યા હતા.

નવ માળનો વિજયસ્તંભ ૩૭.૧૯ મીટર ઊંચો છે. દરેક માળે બહાર નીકળેલી બાલ્કની છે. લાલ માટી, પથ્થર અને આરસ વડે બાંધકામ થયું છે. વિજય સ્થંભની રચનામાં ભૂમિતિનો ભારોભાર ઉપયોગ થયો છે. ૧૦ ફૂટ ઊંચા પ્લેટફોર્મ પર દેવી દેવતાની આકર્ષક શિલ્પો અને કોતરણી ઉપરાંત શિલાલેખો છે. વિજય સ્તંભને વર્લ્ડ હેરિટેજ સાઈટ્સમાં સ્થાન મળ્યું છે.



# બનાસકાંઠાનું વિભાજન : વાવ-થરાદ નવો જિલ્લો




રાજ્ય સરકારે વર્ષ 2025ના પ્રથમ દિવસે જ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બનાસકાંઠા અને વાવ-થરાદ એમ બે નવા જિલ્લાની રચના કરી છે.

હવે ગુજરાતમાં જિલ્લાઓની કુલ સંખ્યા 34 થશે.

### નવાં પરિવર્તન

હાલના બનાસકાંઠા જિલ્લાના 14 તાલુકામાંથી 8 તાલુકા, 4 નગરપાલિકાનો નવાનો વાવ-થરાદ જિલ્લામાં સમાવેશ કરાશે.

નવા બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય મથક પાલનપુર અને વાવ-થરાદનું મુખ્ય મથક થરાદ રહેશે.

નવા બનનાર વાવ-થરાદ જિલ્લામાં 8તાલુકા: વાવ, ભાભર, થરાદ, ધાનેરા, સૂઈગામ, લાખણી, દિયોદર અને કાંકરેજ

નવા બનનાર વાવ-થરાદ જિલ્લામાં 4 નગરપાલિકા: ભાભર, થરાદ, થરા અને ધાનેરા

બનાસકાંઠા જિલ્લામાં બાકીના 6 તાલુકા: પાલનપુર, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ડીસા

બનાસકાંઠા જિલ્લામાં 3 નગરપાલિકા: પાલનપુર અને ડીસા.

બનાસકાંઠા વિસ્તારના પ્રજાજનોને વહીવટી, ભૌગોલિક, આર્થિક બાબતે વધુ સુગમતા રહે તે આશયથી બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય મથક પાલનપુર અને વાવ-થરાદ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના પરિણામે અગાઉ વાવ-થરાદ જિલ્લા બાજુના આઠ તાલુકાને મુખ્ય મથક પાલનપુર જવા માટે જે અંતર લાગતું હતું, તેમાં સરેરાશ 35થી 85 કિ.મી. અંતરમાં ઘટાડો થશે અને સમય-ઈંધણની બચત થશે.

### ગુજરાતમાં જિલ્લા-નિર્માણની પૃષ્ઠભૂમિ

ગુજરાત રાજ્ય 1 મે, 1960 ના રોજ બનાવવામાં આવ્યું હતું, જેમાં અમદાવાદ, અમરેલી, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, ડાંગ, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, પંચમહાલ, રાજકોટ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર અને વડોદરાનો સમાવેશ થાય છે.

વર્ષ 1964માં અમદાવાદ અને મહેસાણાના ભાગોમાંથી ગાંધીનગરની રચના કરવામાં આવી હતી.

વર્ષ 1966માં વલસાડને સુરતથી અલગ કરવામાં આવ્યું હતું.

વર્ષ 1997માં પાંચ નવા જિલ્લાઓ બનાવવામાં આવ્યા. આણંદનું ખેડામાંથી, દાહોદનું પંચમહાલમાંથી, નર્મદાનું ભરૂચમાંથી, નવસારીનું વલસાડમાંથી, પોરબંદરનું જૂનાગઢમાંથી વિભાજન થયું હતું.

વર્ષ 2000માં પાટણ જિલ્લાની રચના બનાસકાંઠા અને મહેસાણાના ભાગોમાંથી કરવામાં આવી હતી.

વર્ષ 2007માં તાપીને સુરતમાંથી રાજ્યના 26મા જિલ્લા તરીકે વિભાજિત કરવામાં આવ્યો.

15 ઓગસ્ટ, 2013 ના રોજ સાત નવા જિલ્લાઓ બનાવવામાં આવ્યા. અરવલ્લીનું સાબરકાંઠામાંથી, બોટાદનું અમદાવાદ અને ભાવનગર જિલ્લાના ભાગોમાંથી, છોટા ઉદેપુરનું વડોદરા જિલ્લામાંથી, દેવભૂમિ દ્વારકાનું જામનગરમાંથી, મહિસાગરનું ખેડા અને પંચમહાલના ભાગોમાંથી, મોરબીનું રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાના ભાગોમાંથી, ગીર સોમનાથનું જૂનાગઢમાંથી વિભાજન થયું હતું.

વર્ષ 2025માં બનાસકાંઠાના ભાગોમાંથી વાવ-થરાદની રચના કરવામાં આવી હતી.

### ભારતમાં નવા જિલ્લાઓના નિર્માણ વિશે

રાજ્ય સરકારોને જિલ્લાઓ બનાવવા અથવા નાબૂદ કરવા તેમજ હાલના જિલ્લાઓમાં ફેરફાર કરવાની સત્તા છે.

આ કાર્યકારી આદેશ દ્વારા અથવા રાજ્ય વિધાનસભામાં કાયદા દ્વારા કરવામાં આવે છે.

ઘણી રાજ્ય સરકારો એક્ઝિક્યુટિવ રૂટને પસંદ કરે છે, જેના માટે સત્તાવાર ગેઝેટમાં સૂચના જારી કરવાની જરૂર પડે છે.

જિલ્લાઓની રચના અને ફેરફારમાં કેન્દ્ર સરકારની કોઈ ભૂમિકા નથી. જો કે, જ્યારે કોઈ જિલ્લા અથવા રેલવે સ્ટેશનનું નામ બદલવાનું હોય ત્યારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ભૂમિકા નિર્ણાયક છે.

રાજ્ય સરકારની વિનંતી અન્ય વિભાગો અને એજન્સીઓ જેમ કે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય, ઇન્ટેલિજન્સ બ્યૂરો, પોસ્ટ વિભાગ, ભારતના ભૌગોલિક સર્વેક્ષણ અને રેલવે મંત્રાલયને મંજૂરી માટે મોકલવામાં આવે છે.

તપાસ કર્યા પછી, નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ જારી કરવામાં આવે છે.

વર્ષોથી, ભારતમાં જિલ્લાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. 2001 અને 2011 ની વચ્ચે વસ્તી ગણતરીના ડેટા અનુસાર આશરે 46 જિલ્લાઓ બનાવવામાં આવ્યા હતા.

થોડાં સમય પહેલા કેન્દ્રશાસિત પ્રદેશ લદાખમાં પાંચ નવા જિલ્લાઓ (ઝંસ્કર, દ્રાસ, શામ, નુબ્રા અને ચાંગથાંગ)ના નિર્માણ માટે ગૃહ મંત્રાલયે મંજૂરી આપી હતી.

હાલમાં, દેશમાં 750 થી વધુ જિલ્લાઓ છે.

# ભારતમાં 'જનરેશન બિટા'ના પ્રથમ બાળકનો જન્મ

ભારતમાં 'જનરેશન બિટા'ના પ્રથમ બાળકનો જન્મ મિઝોરમમાં થયો છે.

બાળકનું નામ ફ્રેન્કી રાખવામાં આવ્યું છે અને તેના પિતાનું નામ જેડી રેમરુતસાંગા અને માતાનું નામ રામજીરમાવી છે.

મિઝોરમમાં દેશના પ્રથમ Generation Beta બાળકનો જન્મ 1 જાન્યુઆરી, 2025ના રોજ સવારે 12:03 વાગ્યે Durtlang આઈઝોલની સિનોડ હોસ્પિટલમાં થયો

Rankie Remruatdika Zadeng ભારતમાં Generation Betaનું પ્રથમ બાળક છે.

પહેલી જાન્યુઆરી 2025થી જન્મેલા બાળકોને જનરેશન Beta તરીકે ઓળખવામાં આવશે.

જનરેશનનું નામ તે સમયની કોઈ મોટી ઐતિહાસિક અથવા તો સાંસ્કૃતિક અથવા આર્થિક ઘટનાઓને આધારે રાખવામાં આવે છે.

કોઈપણ જનરેશનની શરુઆત અથવા અંત તે સમયે થઈ રહેલી કોઈ મોટી ઘટનાઓના આધારે કરવામાં આવે છે.

### જનરેશન

**ધ ગ્રેટેસ્ટ જનરેશન (1901-1927) :** આ સમયમર્યાદાને ધ ગ્રેટેસ્ટ જનરેશન નામ આપવામાં આવ્યું હતું. તેમાં જન્મેલા દરેક વ્યક્તિને ધ ગ્રેટેસ્ટ જનરેશન ચાઇલ્ડ તરીકે ઓળખવામાં આવે છે. આ સમયે જન્મેલા લોકોએ મહામંદી અને ડિપ્રેશનનું દુઃખ જોયું હતું.

**ધ સાઈલેન્ટ જનરેશન (1928-1945) :** મહામંદી અને વર્લ્ડ વૉર 2ના પરિણામને ધ્યાનમાં રાખીને આ જનરેશનને ધ સાઇલેન્ટ જનરેશન તરીકે ઓળખવામાં આવે છે.

**બેબી બૂમર જનરેશન (1946-1964) :** વર્લ્ડ વૉર 2 પછી વસ્તી ખૂબ જ ઓછી થઈ ગઈ હતી. આથી, આ સમયે વસ્તીમાં ખૂબ જ વધુ પ્રમાણમાં વધારો જોવા મળ્યો હતો. આથી, આ સમયમર્યાદામાં જન્મેલા બાળકોને બેબી બૂમર જનરેશન તરીકે ઓળખવામાં આવે છે.

**જનરેશન X (1965-1980) :** આ જનરેશનમાં વીડિયો ગેમ્સની શરુઆત થઈ હતી. આ જનરેશનના લોકો સમયની સાથે ચાલતા શીખ્યા હતા.

**મિલેનિયલ્સ અથવા જનરેશન Y (1981-1996) :** જનરેશન Yને મિલેનિયલ્સ નામથી પણ ઓળખવામાં આવે છે. આ જનરેશન દ્વારા ટેક્નોલૉજી સાથે તેઓએ પોતાને પણ અપડેટ કર્યા છે.

**જનરેશન Z (1997-2009):** આ જનરેશનના લોકોને જન્મતાંની સાથે જ ઈન્ટરનેટ મળી ગયું હતું. ઈન્ટરનેટની સાથે તેઓએ સોશિયલ મીડિયા પણ પ્રાપ્ત કર્યું હતું. ડિજિટલ યુગમાં જન્મેલી આ પેઢી ઈન્ટરનેટ અને સ્માર્ટફોન વગર તેમના જીવનની કલ્પના પણ નથી કરી શકતી.

**જનરેશન આલ્ફા (2010-2024) :** આ પહેલી એવી જનરેશન છે, જેમના જન્મ પહેલાં જ ઈન્ટરનેટ, સ્માર્ટફોન અને સોશિયલ મીડિયા હતું. આ સૌથી નાની ઉંમરની જનરેશન છે. આ જનરેશનના બાળકોના માતા-પિતા પણ ઇન્ટરનેટ, મોબાઇલ અને સોશિયલ મીડિયાની સાથે મોટા થયા છે.

**જનરેશન બીટા (2025-2039) :** 1 જાન્યુઆરી, 2025 થી શરુ થયેલી આ જનરેશનને બીટા નામ આપવામાં આવ્યું છે.

## કામ્યા કાર્તિકેયન : 7 ખંડોના સૌથી ઊંચા શિખરો સર કરનાર વિશ્વની સૌથી યુવા મહિલા



મુંબઈની ઇન્ડિયન નેવી ચિલ્ડ્રન્સ સ્કૂલની 17 વર્ષની વિદ્યાર્થિની કામ્યા કાર્તિકેયન તમામ સાત ખંડોમાં સર્વોચ્ચ શિખરો સર કરનારી સૌથી યુવા મહિલા બની ગઇ છે.

17 વર્ષીય કામ્યા કાર્તિકેયને જે સર્વોચ્ચ શિખરો સર કર્યા છે તેમાં આફ્રિકાના માઉન્ટ કિલીમંજારો, યુરોપના માઉન્ટ એલ્બ્રસ, ઓસ્ટ્રેલિયાના માઉન્ટ કોસિઝ્કો, દક્ષિણ અમેરિકાના માઉન્ટ એકોન્કાગુઆ, ઉત્તર અમેરિકાના માઉન્ટ ડેનાલી, અને એશિયાના માઉન્ટ એવરેસ્ટનો સમાવેશ થાય છે.

17 વર્ષીય કામ્યા કાર્તિકેયને 24 ડિસેમ્બરે એન્ટાર્કટિકામાં માઉન્ટ વિન્સન શિખર પર પહોંચીને તેની અસાધારણ સિદ્ધિ મેળવી હતી.

16 વર્ષની ઉંમરે, તેણીએ માઉન્ટ એવરેસ્ટ સર કર્યો હતો.

દક્ષિણ બાજુ (નેપાળ બાજુ) થી આ સિદ્ધિ હાંસલ કરનાર ભારતની સૌથી નાની અને વિશ્વની બીજી સૌથી નાની વય મહિલા છે.

તેણીની સિદ્ધિનો ઉલ્લેખ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની મન કી બાતમાં કર્યો હતો અને તેણીને 2021 માં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ શક્તિ પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવી હતી.

## અમદાવાદમાં બનશે ગુજરાતનું સૌથી વિશાળ જંગલ સફારી પાર્ક

ગુજરાતનો સૌથી મોટો અને સૌથી મોટો જંગલ સફારી પાર્ક અને બાયોડાયવર્સિટી પાર્ક અમદાવાદના ગિયાસપુરમાં બનાવવાનું આયોજન છે જે સ્ટેચ્યુ ઓફ યુનિટી સફારી પાર્ક કરતા પણ મોટું હશે.

આ વિશાળ સફારી પાર્કના નિર્માણ માટેનો પ્રાથમિક અહેવાલ આ પ્રોજેક્ટની મંજૂરી માટે પર્યાવરણ મંત્રાલય, દિલ્હીને મોકલવામાં આવ્યો છે.

સાબરમતીના પટણીમાં 1200 એકર જમીનમાં સંપૂર્ણ વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરી બનાવવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ગિયાસપુર ખાતે 500 એકરમાં દેશનો બીજો સૌથી મોટો કૃત્રિમ જંગલ સફારી પાર્ક વિકસાવવાનું આયોજન કરી રહી છે.

## મલયાલમ સાહિત્ય અને સિનેમાના દિગ્ગજ એમ.ટી વાસુદેવન નાયરનું નિધન



મલયાલમ સિનેમા અને સાહિત્યની સૌથી આદરણીય વ્યક્તિઓમાંની એક, શ્રી એમ.ટી. વાસુદેવન નાયરજીનું નિધન થયું.

જન્મ 15 જુલાઈ, 1933ના રોજ કેરળના પલક્કડ જિલ્લાના કુદલ્લુર ગામમાં એક નાયર પરિવારમાં થયો હતો.

### સિનેમા અને સાહિત્યમાં કારકિર્દી

'નલુકેત', 'રાંદમૂઝમ', 'વારાણસી' અને 'સ્પિરિટ ઑફ ડાર્કનેસ' જેવી તેમની કૃતિઓએ તેમને સાહિત્ય જગતમાં મહત્ત્વનું સ્થાન અપાવ્યું હતું.

તેમણે 'નિર્મલ્યમ', 'પેરુન્તચન', 'રાંદમૂઝમ' અને 'અમૃતમ ગમાયા' સહિત ઘણી લોકપ્રિય ફિલ્મો માટે પટકથા લખી હતી.

તેમણે ચાર વખત સર્વશ્રેષ્ઠ પટકથા માટેનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જીત્યો (ઓરુ વદક્કન વીરગાથા (1989), કદાવુ (1991), સદયમ (1992), અને પરિણયમ (1994))

મલયાલમ સાહિત્યમાં તેમના એકંદર યોગદાન બદલ 1995માં તેમને ભારતનો સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કાર જ્ઞાનપીઠ એનાયત કરવામાં આવ્યો હતો. 2005 માં, ભારતનું ત્રીજું સર્વોચ્ચ નાગરિક સન્માન, પદ્મ ભૂષણ , તેમને એનાયત કરવામાં આવ્યું હતું.

## ગીર ફાઉન્ડેશન દ્વારા વરુની વસ્તી ગણતરી-2023

ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા વર્ષ 2023માં રાજ્યમાં વરૂ વસ્તિ ગણતરી કરાઈ હતી.

રાજ્યના 13 જિલ્લામાં અંદાજે 222 વરૂ નોંધાયા છે. જેમાં સૌથી વધુ 80 વરુ ભાવનગર જિલ્લામાં નોંધાયા છે. જ્યારે 39 નર્મદા જિલ્લામાં, 36 બનાસકાંઠામાં, 18 સુરેન્દ્રનગરમાં, 12-12 જામનગર અને મોરબીમાં તેમજ 9 કચ્છ જિલ્લામાં જોવા મળ્યા છે..

પોરબંદર, મેહસાણા, નવસારી, પાટણ, અરવલ્લી અને સુરત જિલ્લામાં પણ વરુનું અસ્તિત્વ નોંધાયું છે.

'ગીર' ફાઉન્ડેશનના અભ્યાસ મુજબ હાલ રાજ્યના 13 જિલ્લામાં કુલ 2 હજાર 217.66 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં વરુનો વસવાટ છે

વરુ પ્રજાતિનું રક્ષણ કરવા 'ગીર' ફાઉન્ડેશન દ્વારા રિમોટ સેન્સિંગ અને GIS જેવી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને નકશાપોથી તૈયાર કરાઈ

'ગીર' ફાઉન્ડેશન ખાતે ઉપલબ્ધ રીમોટ સેન્સીંગ અને JIS જેવી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલ આ એટલાસ તારીખ 25 ડિસેમ્બર, 2024 ના રોજ 'સુ-શાસન'ના દિવસે રાજ્યના મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા અને વન મંત્રી અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતમાં વરુના આવાસોનો એટલાસ વિમોચન કરવામાં આવ્યું છે.

## દાદાસાહેબ ફાળકે ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્સ 2025

પંજાબ નેશનલ બેંક (PNB) એ દાદાસાહેબ ફાળકે ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્સ 2025 માટે 'સ્પેશિયલ પાર્ટનર' તરીકે જાહેર કર્યું.

આ કાર્યક્રમ 20 ફેબ્રુઆરી, 2025 ના રોજ મુંબઈમાં યોજાશે.

## બાલ્ડ ગરુડ (Bald Eagle) : USAનું રાષ્ટ્રીય પક્ષી



અમેરિકામાં દરેક સત્તાવાર દસ્તાવેજ પર પક્ષીનું રાષ્ટ્રીય પ્રતીક જોયું જ હશે. આ પક્ષીનું નામ બાલ્ડ ઇગલ છે. અમેરિકામાં આ પક્ષીનો રાષ્ટ્રીય પ્રતીક તરીકે ઉપયોગ થતો રહ્યો છે

છેલ્લાં 240 વર્ષથી અમેરિકામાં શક્તિના પ્રતીક મનાતા શક્તિશાળી પક્ષી બાલ્ડ ઇગલને રાષ્ટ્રીય પક્ષી જાહેર કરવામાં આવ્યું છે.

સફેદ માથું, પીળી ચાંચ અને ભૂરા શરીરવાળા બાલ્ડ ઇગલને રાષ્ટ્રીય પક્ષીનો દરજ્જો આપવામાં આવ્યો છે.

બાલ્ડ ઇગલ અમેરિકાના ગ્રેટ સીલ પર દેખાય છે. 1782 થી સત્તાવાર દસ્તાવેજો પર બાલ્ડ ઇગલનો ઉપયોગ કરવામાં આવે છે.

દસ્તાવેજોમાં ઇગલ સીલનો ઉપયોગ થાય છે. આ સીલમાં, એક બાજુ ઓલિવ વૃક્ષો છે અને બીજી બાજુ તીરો છે. "E Pluribus Unum" લખેલું છે અને ઘણા સ્ટાર્સ બનાવવામાં આવ્યા છે.

યુનાઇટેડ સ્ટેટ્સના સ્થાપક પિતાઓમાંના એક બેન્જામિન ફ્રેન્કલીને પક્ષીને દેશના રાષ્ટ્રીય પ્રતીક તરીકે પસંદ કરવાનો વિરોધ કર્યો કારણ કે તે "ખરાબ નૈતિક પાત્ર" ધરાવતું પક્ષી હતું.

બાલ્ડ ગરુડને યુનાઇટેડ સ્ટેટ્સ નેશનલ એમ્બ્લેમ એક્ટ 1940 હેઠળ પણ રક્ષણ આપવામાં આવ્યું છે, જે પક્ષીના શિકાર અને વેચાણને ગેરકાયદેસર બનાવે છે.

### અમેરિકન ધ્વજ

અમેરિકન ધ્વજમાં 13 લાલ અને સફેદ પટ્ટાઓ છે જે ઉત્તર અમેરિકામાં અંગ્રેજોની મૂળ 13 વસાહતોનું પ્રતિનિધિત્વ કરે છે જે બ્રિટનથી સ્વતંત્ર થઈ અને યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની રચના કરી.

ધ્વજમાં વાદળી પૃષ્ઠભૂમિ પર 50 સફેદ તારાઓ છે જે યુનાઇટેડ સ્ટેટ્સના 50 રાજ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. હવાઈ એ 1940 માં યુનાઇટેડ સ્ટેટ્સમાં જોડાનાર છેલ્લું રાજ્ય હતું.

## ભારતીય સેનાની ટુકડી ભારત-નેપાળ સંયુક્ત લશ્કરી કવાયત સૂર્ય કિરણ માટે રવાના

ભારતીય સેનાની 334 જવાનોની બનેલી ટુકડી બટાલિયન સ્તરની સંયુક્ત સૈન્ય કવાયત સૂર્ય કિરણની 18મી આવૃત્તિમાં ભાગ લેવા માટે નેપાળ જવા રવાના થઈ હતી.

આ કવાયત 31 ડિસેમ્બર, 2024 થી 13 જાન્યુઆરી, 2025 સુધી નેપાળના સલઝંડી ખાતે હાથ ધરવામાં આવશે.

આ એક વાર્ષિક તાલીમ કાર્યક્રમ છે જે બંને દેશોમાં વૈકલ્પિક રીતે આયોજિત કરવામાં આવે છે.

ભારતીય સેનાની ટુકડીનું નેતૃત્વ 11મી ગોરખા રાઇફલ્સની બટાલિયન દ્વારા કરવામાં આવી રહ્યું છે. નેપાળ આર્મી ટુકડીનું પ્રતિનિધિત્વ શ્રીજંગ બટાલિયન કરશે.

## કોનેરુ હમ્પીએ બીજી વખત વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશિપ જીતી



ભારતની કોનેરુ હમ્પીએ બીજી વખત વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો છે. ન્યૂયોર્કમાં રમાયેલી આ ટુર્નામેન્ટમાં હમ્પીએ ફાઈનલમાં ઇન્ડોનેશિયાની ઈરીન સુખંદરને હરાવી હતી.

હમ્પીએ વર્ષ 2019માં જ્યોર્જિયામાં આયોજિત આ ચેમ્પિયનશિપ જીતી હતી.

ભારતની નંબર 1 ખેલાડી ચીનની ઝુ વેનજુન પછી એકથી વધુ વખત ટાઇટલ જીતનાર બીજી ખેલાડી છે.

હમ્પી નેશનલ બોયઝ ટાઇટલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા હતી.

તે ગ્રાન્ડ માસ્ટર બનનાર ભારતની પ્રથમ મહિલા ખેલાડી છે.

2600 ELO પોઈન્ટ હાંસલ કરનાર તે માત્ર બીજી મહિલા ખેલાડી છે.

કોનેરુનો જન્મ 31 માર્ચ 1987ના રોજ વિજયવાડા, આંધ્રપ્રદેશમાં થયો હતો.

## લોકસભા ચૂંટણી 2024માં 64.64 કરોડ મતદારોએ મતદાન કરીને વિશ્વ વિક્રમ બનાવ્યો

વર્ષ 2024માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં 64.64 કરોડ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરીને નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો હતો.

2024માં દાખલ કરાયેલા નોમિનેશનની સંખ્યા 12,459 હતી જ્યારે 2019માં આ સંખ્યા 11,692 હતી. એ જ રીતે, 2019માં 8,054 ઉમેદવારોએ ચૂંટણી લડી હતી, જ્યારે 2024માં કુલ 8,360 ઉમેદવારોએ ચૂંટણી લડી હતી.

ભારતના ચૂંટણી પંચે લોકસભા ચૂંટણી 2024 પર 42 આંકડાકીય અહેવાલો અને એકસાથે યોજાયેલી ચાર રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ પરના પ્રત્યેક 14 અહેવાલો જાહેર કર્યા છે.

ધુબરી (આસામ) માં સૌથી વધુ 92.3% મતદાન નોંધાયું

શ્રીનગર (J&K) માં સૌથી ઓછું 38.7% હતું

NOTA ને 2024 માં 63,71,839 મત (0.99%) મળ્યા , અને ટ્રાન્સજેન્ડર મતદારોનું મતદાન 27.09% થયું.

બિહારમાં મતદાન મથકોમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો.

સૌથી વધુ મહિલા ઉમેદવારો રાજ્ય: મહારાષ્ટ્ર (111) , યુપી (80) અને તમિલનાડુ (77)


2024 લોકસભા ચૂંટણીમાં, છ રાષ્ટ્રીય પક્ષોએ ભાગ લીધો

સુરત (ગુજરાત) મતવિસ્તાર બિનહરીફ રહ્યું હતું.

2024 લોકસભા ચૂંટણીમાં પુડુચેરીએ 53.03% મહિલા મતદાર હતા.

## PUZZLE





## SPELLING WORD SEARCH

| | |
|---|---|
| CORGI | CHOW CHOW |
| WHIPPET | LABRADOR |
| SETTER | POODLE |
| BULLDOG | DOBERMAN |
| SHEPARD | TERRIER |
| HOUND | MALTESE |
| BEAGLE | BOXER |
| CHIHUAHUA | AKITA |

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| R | E | I | R | R | E | T | E | L | O | R | U | T | M | E | D | L | R | L | P |
| A | D | L | T | W | S | E | A | H | E | H | R | I | B | I | A | D | O | G | O |
| P | I | U | E | H | O | U | N | D | G | E | E | I | O | E | U | R | E | E | E |
| R | P | A | T | I | K | A | R | B | O | B | O | X | E | R | O | O | H | O | R |
| S | E | E | D | P | S | A | K | C | T | D | N | D | M | A | L | T | E | S | E |
| H | D | R | A | P | E | H | S | X | O | A | H | O | U | B | L | A | A | U | D |
| E | L | G | A | E | B | O | O | A | M | I | E | O | W | E | B | E | P | T | O |
| T | S | E | T | T | E | R | B | O | O | E | R | T | E | D | L | K | U | P | R |
| O | L | R | N | E | G | T | C | D | O | B | E | R | M | A | N | S | A | A | E |
| U | C | G | A | R | A | O | A | T | L | U | O | T | B | G | R | H | O | O | U |
| I | C | E | A | R | A | S | B | O | B | L | C | O | R | G | I | O | O | O | B |
| O | P | S | A | A | H | E | S | I | S | L | O | A | A | X | O | B | D | B | C |
| B | U | B | M | A | B | U | E | R | R | D | T | D | X | H | L | E | E | S | I |
| A | E | H | H | C | H | O | W | C | H | O | W | R | E | E | O | M | I | S | R |
| E | L | N | I | A | L | L | T | H | C | G | S | H | E | K | E | M | K | D | T |
| D | W | L | A | B | R | A | D | O | R | O | L | E | S | L | O | L | E | W | S |
| E | S | E | G | L | X | I | T | P | B | R | A | H | A | I | O | O | A | E | E |
| W | G | P | O | A | U | H | A | U | H | I | H | C | A | P | A | B | A | E | A |
| A | X | O | A | H | T | O | G | E | H | N | X | G | I | O | R | A | A | A | D |
| E | O | X | A | L | O | E | L | D | O | O | P | L | R | M | T | P | O | E | M |

# COLOURS DAY

PRIMARY SECTION













# COMPETITION




**ભારતીય સંસ્કૃતિની પરિક્ષામાં માં દ્વિતીય સ્થાન મેળવવા બદલ ધોરણ-પ ની વિદ્યાર્થીની ગરાછ મહેક પ્રદિપભાઈને શાળા પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન**

# FANCY DRESS & ELOCUTION COMPETITION

## ENGLISH MEDIUM SECTION














# FANCY DRESS & ELOCUTION COMPETITION

## ENGLISH MEDIUM SECTION















# KALA MAHAKUMBH

## zone level 2025




**કલા મહાકુંભ-૨૦૨૫ માં ઝોન કક્ષાએ લોકગીત અને ભજન માં તૃતીય સ્થાન મેળવવા બદલ તલસાણિયા મનીત ને ખૂબ ખૂબ અભિનંદન**



**કલા મહાકુંભ-૨૦૨૫ માં તબલા સોલો પરફોમન્સ માં પ્રથમ સ્થાન મેળવવા બદલ કુબાવત હર્ષિલ (ધોરણ-૬) ને ખૂબ ખૂબ અભિનંદન**

# KALA MAHAKUMBH



કલા મહાકુંભ 2025 ની  જિલ્લા લેવલની ગરબા રાસ સ્પર્ધામાં દ્વિતીય રેન્ક મેળવી રૂપિયા 12000 રોકડ પુરસ્કાર મેળવવા બદલ ગરબા રાસમા ભાગ લીધેલ સોળ ગર્લ્સ અને ડાન્સ ટીચર જીલભાઈ તક્ષા, મ્યૂઝિક ટીચર મોહિતભાઈ જાદવ અને સહાયક વાસુભાઈ જાનીને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડો. ડી. કે. વાડોદરિયા સર અને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન



કલા મહાકુંભ 2025 ની  જિલ્લા લેવલની લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ રેન્ક મેળવી રૂપિયા 16000 રોકડ પુરસ્કાર મેળવવા બદલ લોક નૃત્યમા ભાગ લીધેલ ગર્લ્સ અને ડાન્સ ટીચર જીલભાઈ તક્ષા, મ્યૂઝિક ટીચર મોહિતભાઈ જાદવ અને સહાયક વાસુભાઈ જાનીને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડો. ડી. કે. વાડોદરિયા સર અને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન

# KALA MAHAKUMBH




કલા મહાકુંભ- 2025 ભરત નાટ્યમ સ્પર્ધામાં જિલ્લા લેવલે ધોરણ 10ની વિદ્યાર્થીની
ખરસાણી મૈત્રીને દ્વિતીય રેન્ક મેળવવા બદલ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી
ડો. ડી. કે. વાડોદરિયા સર અને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન




કલા મહાકુંભ 2025 ની જિલ્લા સમૂહ ગીત સ્પર્ધામાં દ્વિતીય રેન્ક મેળવી રૂપિયા
6000 રોકડ પુરસ્કાર મેળવવા બદલ ભાગ લીધેલ આઠ ગર્લ્સ અને મ્યૂઝિક ટીચર
મોહિતભાઈ જાદવ અને સહાયક વાસુભાઈ જાનીને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી
ડો. ડી. કે. વાડોદરિયા સર અને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન

# KALA MAHAKUMBH




કલા મહાકુંભ - ૨૦૨૫ સુગમ ગીત સ્પર્ધામાં ધોરણ.૯ નો વિદ્યાર્થી કુબાવત જીગર ને સેકન્ડ રેન્ક મેળવવા બદલ શાળાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ડૉ. ડી. કે. વાડોદરીયા સર અને શાળા પરીવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

કલા મહાકુંભ - ૨૦૨૫ લગ્ન ગીત સ્પર્ધામાં ધોરણ.૮ ની વિદ્યાર્થીની ચાવડા જાનવી ને સેકન્ડ રેન્ક મેળવવા બદલ શાળાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ડૉ. ડી. કે. વાડોદરીયા સર અને શાળા પરીવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.






**Lakhani Himanee Madam from English Medium Staff secured 1st rank at Zone Level in Kala Mahakumbh Sugam Sangeet competition**

# KHEL MAHAKUMBH




ખેલ મહાકુંભ 2025 ની અંડર-14 હેન્ડબોલ(ભાઈઓ) સ્પર્ધામાં તૃતીય રેન્ક મેળવી રૂપિયા 12000 ઇનામ મેળવા બદલ સમગ્ર ટીમ અને કોચ હરેશભાઇ મકવાણાને મેનજીંગ ટ્રસ્ટી શ્રી ડો. ડી. કે. વાડોદરિયા સર અને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન

# KITE MAKING

## PRIMARY SECTION













# KITE MAKING

PRIMARY SECTION













# KITE FESTIVAL















# KITE FESTIVAL















# ROAD SAFETY AND CPR














# ROAD SAFETY AND CPR















**UCMAS City Level Competition 2025**
**ABACUS Mental Arithmetic maths 8 minutes 200 Sum.**
**Congratulation Ajudiya Shaurya.**



# WELCOME CEREMONY

















# WELCOME CEREMONY

## SHOTLEY BRIDGE PRIMARY SCHOOL














# WELCOME CEREMONY

## SHOTLEY BRIDGE PRIMARY SCHOOL

















# CLASS ROOM VISIT

## SHOTLEY BRIDGE PRIMARY SCHOOL













# CLASS ROOM VISIT

## SHOTLEY BRIDGE PRIMARY SCHOOL













# PRIMARY SECTION CLASS ROOM VISIT AND U.K. GUEST ACTIVITY

## SHOTLEY BRIDGE PRIMARY SCHOOL













# PRIMARY SECTION CLASS ROOM VISIT AND U.K. GUEST ACTIVITY

## SHOTLEY BRIDGE PRIMARY SCHOOL
















# FOREIGN GUEST DANDIYA RAS ACTIVITY

## SHOTLEY BRIDGE PRIMARY SCHOOL








# FOREIGN GUST MEHENDI ACTIVITY

## SHOTLEY BRIDGE PRIMARY SCHOOL














# U.K. GUEST FAREWELL

## SHOTLEY BRIDGE PRIMARY SCHOOL









# U.K. GUEST FAREWELL

## SHOTLEY BRIDGE PRIMARY SCHOOL













# U.K. GUEST FAREWELL

## SHOTLEY BRIDGE PRIMARY SCHOOL













# PARENTS MEETING












# VASANA

















# VASANA




SCIENCE


SCIENCE


DANCE


SOCIAL
SCIENCE
DANCE




SOCIAL
SCIENCE
DANCE

# 26 JANUARY

## REPUBLIC DAY CELEBRATION















# 26 JANUARY

## REPUBLIC DAY CELEBRATION














# ASSEMBLY

ENGLISH MEDIUM SECTION















# ASSEMBLY










# K.G. PICNIC














# K.G. PICNIC














# PARENTS MEETING

















# FOREIGN DELIGATE VISIT
















# પંચશીલ સ્કૂલ




ઉપરના સોશ્યિલ મીડિયા આઇકન ઉપર કલીક કરી આપણી સ્કૂલ સાથે કનેક્ટ થઈએ